**અગ્રતા ક્રમ:** **૧૩**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૪/૧૧૮૭

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૧૨/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક:** શિક્ષક યોગ્યતા કસોટી ટેટ-૧ યોજવા બાબત

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર:** શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા
(સોમનાથ)

## શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૧ યોજવા બાબત

***૧૧૮૭ શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાંથી ટેટ–૧ પરીક્ષાના આવેદનપત્રો ભરાયેલ તે અન્વયે પરીક્ષા સંભવિત માસ મે/જુન–૨૦૨૩માં લેવાનું આયોજન હતું તે પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયારે લેવામાં આવી, | (૧) | **લાગુ પડતુ નથી.** |
| (૨) | ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓ ભાગ લીધો, તે પૈકી પરીક્ષાર્થીઓ પાસ જાહેર થયા, | (૨) | **લાગુ પડતુ નથી.** |
| (૩) | ઉકત પાસ જાહેર થયેલ ઉમેદવારો પૈકી કેટલાને નોકરી અંગેના નિમણુંક પત્રો આપવામાં આવ્યા? | (૩) | **શૂન્ય** |

---

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૧૮૭** ૧૩

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા(સોમનાથ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રવિણભાઇ માળી (ડીસા)**

---

**પ્રશ્ન–(૧) વિદ્યાસહાયકની નિમણૂંક કરવા અંગેની કાર્યપદ્ધતિ શું છે? તથા રાજ્યમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં છેલ્લે ક્યારે અને કેટલી ભરતી કરવામાં આવી ?**

**જવાબ :**

- શિક્ષણ વિભાગ દ્વારા ખાલી જગ્યાઓ ભરવાની મંજુરી મળ્યેથી સૌપ્રથમ જિલ્લા કક્ષાએથી ખાલી જગ્યાઓ મેળવી મંજુર થયેલ જગ્યાઓને ધ્યાને લઈ જિલ્લાવાર સપ્રમાણ ભરવાની થતી જગ્યાઓની ફાળવણી કરવામાં આવે છે.
- ત્યાર બાદ, માંગણાપત્રક મેળવી કેટેગરીવાર જગ્યાઓ નિયત થયા બાદ વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે.
- ત્યારબાદ, ઓનલાઈન વેબપોર્ટલના માધ્યમથી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.
- મળેલ અરજીઓનાં આધારે સૌપ્રથમ કામચલાઉ મેરીટ યાદી ઓનલાઈન વેબપોર્ટલ પર પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- કામચલાઉ મેરીટ યાદીનાં સંદર્ભે મળેલ વાંધા અરજીઓની ચકાસણી પ્રક્રિયા હાથ ધર્યા બાદ અંતિમ મેરીટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- મેરીટમાં આવતા ઉમેદવારોને ઓનલાઈન વેબપોર્ટલના માધ્યમથી કોલ લેટર આપી જિલ્લા પસંદગી તેમજ ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે રૂબરૂ બોલાવવામાં આવે છે.
- તમામ જગ્યાઓ પર જિલ્લા પસંદગી થયા બાદ જિલ્લા કક્ષાએ મેરીટ આધારીત શાળા પસંદગી અને નિમણૂંક હુકમ આપવામાં આવે છે.
- વિદ્યા સહાયકોની નિમણૂંક અંગેની કાર્યવાહી વર્ષ ૨૦૧૦થી ઓનલાઈન વેબપોર્ટલનાં માધ્યમથી સુચારૂ રૂપે તેમજ સંપૂર્ણ પારદર્શિતાથી હાથ ધરવામાં આવે છે.

શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૪/૦૯/૨૦૨૨નાં પત્રથી કુલ ૨૬૦૦ વિદ્યાસહાયકોની જગ્યાઓ ભરવા અંગે મંજૂરી આપેલ જે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે.

જેમાં શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ–૧) ઉતીર્ણ થયેલ ઉમેદવારો માટે **ધોરણ ૧ થી ૫ ની ૧૦૦૦ જગ્યાઓ** તેમજ શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ–૨) ઉતીર્ણ થયેલ ઉમેદવારો માટે **ધોરણ ૬ થી ૮ની ૧૬૦૦ જગ્યાઓની** ભરતી પ્રક્રિયા ડિસેમ્બર ૨૦૨૩ માં પૂર્ણ કરવામાં આવેલ છે. **જેમાં ૨૪૩૦ વિદ્યાસહાયક શાળા કક્ષાએ હાજર થયેલ છે.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૧૮૭

૧૩

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા(સોમનાથ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કમલેશ પટેલ (પેટલાદ)**

---

**પ્રશ્ન–** શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૧ અત્યાર સુધી કેટલી વાર યોજાઈ અને ત્યાર બાદ ક્યારે અને કેટલી ભરતી કરવામાં આવી ?

**જવાબ :**

| ટેટ–૧ પરીક્ષાની તારીખ | ટેટ–૧ પરીક્ષામાં ભાગ લીધેલ ઉમેદવારો | ટેટ–૧ પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ઉમેદવાર | ભરતીની જાહેરાતની તારીખ | જાહેરાતની જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧૦–૦૬–૨૦૧૨ | ૧૨૬૦૨૫ | ૪૦૨૯ | ૧૫–૦૨–૨૦૧૪ | ૨૦૦૦ | ૧૯૪૦ |
| | | | ૨૫–૦૭–૨૦૧૪ | ૩૮૦ | ૧૧ |
| ૦૩–૦૮–૨૦૧૪ | ૧૦૮૬૫૫ | ૧૦૮૧૫ | ૨૨–૧૦–૨૦૧૪ | ૧૦૫૭ | ૧૦૫૭ |
| | | | ૧૩–૦૬–૨૦૧૫ | ૨૩૨ | ૨૩૨ |
| | | | ૨૬–૦૬–૨૦૧૫ | ૬૮૮ | ૬૮૮ |
| ૨૩–૦૮–૨૦૧૫ | ૯૫૬૮૦ | ૧૫૪૪૧ | ૨૨–૦૯–૨૦૧૫ | ૧૧૧ | ૫૭ |
| | | | ૦૧–૦૧–૨૦૧૬ | ૩૧૨ | ૧૧૨ |
| | | | ૦૧–૦૯–૨૦૧૭ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| જાન્યુઆરી ૨૦૧૮ | ૭૫૮૩૨ | ૬૩૪૧ | ૧૩–૦૬–૨૦૧૮ | ૫૪૨ | ૧૫૯ |
| | | | ૩૦–૦૩–૨૦૨૧ | ૩૮૫ | ૩૩ |
| | | | ૨૬–૦૧–૨૦૨૨ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| | | | ૧૦–૧૦–૨૦૨૨ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| કુલ | ૪૦૬૧૯૨ | ૩૬૬૨૬ | કુલ | ૯૩૦૭ | ૭૮૮૯ |

**અગ્રતા ક્રમઃ– (૧૩)**

**શ્રી પ્રવિણભાઈ માળી (ડીસા)**

**શ્રી કમલેશ પટેલ (પેટલાદ)**

અગ્રતા ક્રમઃ– (૧૨)

(૧) શ્રી સંજય કોરડીયા (જુનાગઢ)

(૨) ડૉ પ્રધ્યુમનભાઈ વાજા (કોડીનાર)

અગ્રતા ક્રમઃ– (૧૬)

(૧) શ્રી મોહનભાઈ ઢોડિયા(મહુવા)

(૨) શ્રી મોહનભાઈ કોંકણી (વ્યારા)

(૩) શ્રી જયરામભાઈ ગામીત (નિઝર)

અગ્રતા ક્રમઃ– (૨૩)

(૧) શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર)

(૨) શ્રી અભેસિંહ તડવી (સંખેડા)

(૩) શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)

અગ્રતા ક્રમઃ– (૨૭)

(૧) શ્રી મહેશભાઈ કસવાલા (સાવરકુંડલા)

(૨) શ્રી દિવ્યેશ અકબરી (જામનગર દક્ષિણ)

(૩) શ્રીમતી રીવાબા જાડેજા (જામનગર ઉત્તર)